# Day to Day Current Affairs

**23. ઓક્ટોબર 2015**

## ૧ મહેસુલ સેવા દિવસ :

- ગુજરાતમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલના સુચન બાદ હવે દર મહિનાના બીજા શુક્રવારે વહીવટી તંત્ર, જિલ્લા કલેક્ટર કચેરી અને જિલ્લા વિકાસ અધિકારીની કચેરીમાં મહેસુલી સેવા દિવસ મનાવાશે.
- આ દિવસે મહેસુલી કામગીરી હાથ ધરવાને અગ્રતા અપાશે.
- ગ્રામ્ય તાલુકા લેવલે સાત બારની નકલો, પ્રોપર્ટી કાર્ડ વિના મુલ્યે આપવામાં આવશે.
- નાગરીકોનાં પડતર પ્રશ્નોનો નિકાલ કરાશે તેમજ તંત્રએ કરેલા નિર્ણયોની નકલ અરજદારોને આપવાની કાર્યવાહી કરાશે.
- સમગ્ર વહિવટની કરોડરજ્જુ સમા મહેસુલ તંત્રની પ્રજાલક્ષી કામગીરી વધુ પારદર્શી, ઝડપી અને સુદ્દઢ બનાવવાના હેતુથી મહેસુલી સેવા દિવસ ઉજવવાનું નક્કી કરાયું છે.

## ૨. પોલીસ અધિકાર દિન :

- ગુજરાત પોલીસ પરિષદ દ્વારા દશેરાના દિવસે પોલીસ અધિકાર દિન તરીકે ઉજવણી કરવામાં આવી હતી.
- આગામી 31 ઓક્ટોબર સુધી પોલીસ જાગૃતિના કાર્યક્રમો યોજાશે.

## 3. કોપ્પું ચક્રવાત :

ઉત્તર ફિલીપાઇન્સમાં ત્રાટકેલું ભયાનક વાવાઝોડું.

## ૪. અમરાવતી – આંધ્રપ્રદેશનું નવું પાટનગર :

- આંધ્રપ્રદેશના નવા પાટનગર અમરાવતી સિટીનો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ શિલાન્યાસ કર્યો.
- આંધ્રનું તેલંગણામાં વિભાજન કરાયું ત્યારે 10 વર્ષ સુધી બંને રાજધાની હૈદરાબાદ કોમન રહેશે તેવું નક્કી કરાયું હતું.
- હવે અમરાવતીનો શિલાન્યાસ થતાં આગામી સમયમાં આંધ્રપ્રદેશને અલગ રાજધાની હશે.
- અમરાવતી અંદાજે 1800 વર્ષ પહેલા સાતવાહન રાજાઓનું પાટનગર હતું.
- કૃષ્ણા નદીના કાંઠે આવેલું અમરાવતી એવું પહેલુ પાટનગર છે જેના નિર્માણ માટે લેન્ડ-પુલિંગ કન્સેટથી જમીન લીધી છે. શહેરના નિર્માણ પછી જમીન માલીકોને હિસ્સો અપાશે.
- સિટીમાં ખાનગી બિલ્ડર્સની ઇમારતો 50 માળની અને સરકારી ઇમારતો 15 માળની રહેશે.
- અમરાવતીને 4 નેશનલ હાઇ વે નો લાભ મળશે.
- આ પ્રસંગે વડાપ્રધાનની સાથે આંધ્રના મુખ્યપ્રધાન ચંદ્રબાબુ નાયડું, તેલંગણાના મુખ્યપ્રધાન ચંદ્રશેખર રાવ તથા બંને રાજ્યના ગવર્નર નરસિંહમ હાજર રહ્યા હતાં.

## ૫. લાભ જંજુઆ – ગાયક :

- બોલીવુડના જાણીતા અને નવી પેઢીના પાશ્વગાયક લાભ જંજુઆનું અવસાન.
- જંજુઆના પ્રખ્યાત ગીત : જી કરદા, ડાન્સ પે ચાન્સ, લંડન ઠુમક દા, સોની દે નખરે.
- તેણે 2007માં ઢોલ ફિલ્મથી બોલીવુડમાં પદાર્પણ કર્યું.

Vivekanand Academy, Gandhinagar